# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-02-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેલ અવીવમાં ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂ સાથે મુલાકાત કરી
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું ઔષધીય વનસ્પતિની ખેતી ખેડૂતોની આર્થિક સ્થિતિ અને જમીનનું સ્વાસ્થ્ય સુધારે છે.
3. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સ્વદેશી સંરક્ષણ ઉદ્યોગની ક્ષમતાઓ વધારવાના સરકારના નિર્ધાર પર ભાર આપ્યો.
4. કેન્દ્રીય મંત્રી એચ. ડી. કુમારસ્વામીએ જણાવ્યું કે પીએમ ઇ-ડ્રાઇવ યોજના હેઠળ અત્યાર સુધી 28 લાખથી વધુ ઇલેક્ટ્રિક વાહનનું વેચાણ થયું
5. ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વકપમાં શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો –શ્રીલંકાએ ટોસ જીતી બોલિંગ પસંદ કરી

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM ISRAEL ARRIVAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ઇઝરાયેલના પ્રવાસે તેલ અવીવ પહોંચ્યા છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂએ વિમાનમથક પર શ્રી મોદીનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ સ્વાગત બદલ બંનેનો આભાર માન્યો.

તેલ અવીવમાં શ્રી મોદીએ શ્રી નેતન્યાહૂ સાથે મુલાકાત કરી. ત્યારબાદ, તેઓ જેરુસલેમ જવા રવાના થયા, જ્યાં તેઓ ઇઝરાયેલની સંસદ, કનેસેટને સંબોધશે. ઇઝરાયેલ ભારતનું વ્યૂહાત્મક અને તકનીકી ક્ષેત્રોમાં મહત્વનું ભાગીદાર છે, જેમાં વિજ્ઞાન અને તકનીક, નવીનતા, સંરક્ષણ અને કૃષિમાં ઘણો સહયોગ છે. આ સંબંધ પરસ્પર વિશ્વાસ, સહિયારી પ્રાથમિકતાઓ અને ભવિષ્યની તકનીકોમાં વધતી જતી માંગ પર બનેલો છે.

(BYTE – DHIRAJ KAKADIA)

વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે નવ વર્ષમાં પ્રધાનમંત્રી મોદીની ઇઝરાયેલનો આ બીજો પ્રવાસ છે.

. . . . . . . . . . . . . . . . . .

## GOYAL- TALKS

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ઇઝરાયલી પ્રતિનિધિમંડળ સાથે ભારત-ઇઝરાયલ મુક્ત વેપાર કરાર પર વાતચીત કરી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ગોયલે જણાવ્યું હતું કે નવી દિલ્હીમાં ઇઝરાયલી ટીમ સાથે તેમનો વાર્તાલાપ આર્થિક જોડાણને વધુ ગાઢ બનાવવા માટેની તેમની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. શ્રી ગોયલે ઉમેર્યું હતું કે બંને પક્ષો વેપાર, નવીનતા અને વિકાસમાં નવી તકો ખોલવા તેમજ બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે કટિબદ્ધ છે.

શ્રી ગોયલે ઇઝરાયલી અર્થતંત્ર અને ઉદ્યોગ મંત્રી નીર બરકતની સોશિયલ મીડિયા પોસ્ટના જવાબમાં આ વાત કહી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રના બુલદાણા જિલ્લાના શેગાંવમાં ચાર દિવસીય રાષ્ટ્રીય આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, સ્વસ્થ નાગરિકો દેશને સ્વસ્થ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે, ઔષધીય વનસ્પતિની ખેતી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારે છે અને જમીનનું સ્વાસ્થ્ય સુધારે છે.

(બાઇટ - દ્રૌપદી મુર્મુ)

. . . . . . . . . . . . . . . . . .

## RAJNATH- IFS OFFICERS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આત્મનિર્ભર ભારતના સંકલ્પ હેઠળ સ્વદેશી સંરક્ષણ ઉદ્યોગની ક્ષમતાઓ વધારવાના સરકારના નિર્ધાર પર ભાર મૂક્યો હતો. તેનાથી સ્થાનિક ઉત્પાદન અને નિકાસ બંનેને વેગ મળશે. તેમણે આ સંકલ્પને સાકાર કરવામાં ભારતીય રાજદ્વારીઓની ભૂમિકાની પણ પ્રશંસા કરી.

નવી દિલ્હીમાં ભારતીય વિદેશ સેવાના તાલીમાર્થી અધિકારીઓને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે ભારત સંરક્ષણ સાધનોના મુખ્ય આયાતકારથી નિકાસકાર બનવા સુધી ઘણો લાંબો માર્ગ કાપી ચૂક્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

## MANDAVIYA - CONFERENCE

શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાએ કહ્યું છે કે સરકાર ગીગ વર્કર્સ એટલે કે છૂટક કામદારો અને પ્લેટફોર્મ શ્રમિકોને સલામત, આદરપૂર્ણ તથા વધુ સારું કાર્ય વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે.

નવી દિલ્હીમાં સશક્તિકરણ અને સમાવેશી વિકાસ પ્લેટફોર્મની ભૂમિકા અંગેની પરિષદને સંબોધતા તેમણે કામદારોને પૂરતી સામાજિક સુરક્ષા, વીમો, આરોગ્યસંભાળ સુવિધાઓ અને કૌશલ્ય વિકાસની તક મળે તે સરકારની પ્રાથમિકતા હોવાનું જણાવ્યું.

. . . . . . . . . . . . . . . . . .

## KUMARASWAMY-EV

કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રી એચ.ડી. કુમારસ્વામીએ આજે જણાવ્યું હતું કે આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં પીએમ ઇ-ડ્રાઇવ યોજના હેઠળ 28 લાખથી વધુ ઇલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું છે. તેમણે નવી દિલ્હીમાં ત્રીજી ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઇલેક્ટ્રિક વાહનો પરના રાષ્ટ્રીય પરિષદને સંબોધતા આ વાત કહી હતી.

મંત્રીએ નોંધ્યું હતું કે વેચાયેલા વાહનોમાં 20 લાખથી વધુ ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર્સ અને લગભગ 3 લાખ ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર્સનો સમાવેશ થાય છે. વધુમાં,તેમણે ઉમેર્યું કે મોટા શહેરોમાં 14 હજારથી વધુ ઇલેક્ટ્રિક બસોને મંજૂરી અપાતા જાહેર પરિવહનમાં  વિદ્યુતીકરણને પણ વેગ મળ્યો છે. સાથે શહેરી હવાની ગુણવત્તામાં પણ સુધારો થઈ રહયો છે.

શ્રી કુમારસ્વામીએ જણાવ્યુ કે યુરોપિયન યુનિયન, ઓસ્ટ્રેલિયા અને સંયુક્ત આરબ અમીરાત સાથે ભારતનું મુક્ત વેપાર કરારોનું વિસ્તરતું નેટવર્ક ઇલેક્ટ્રિક વાહનો અને તેના ઘટકો માટે નવા માર્ગો ખોલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## PUNJAB POLICE ENCOUNTER

પંજાબ પોલીસે ગુરદાસપુરમાં બે પોલીસકર્મીઓની હત્યા મામલે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે એક આરોપીનું અથડામણમાં મોત થયું છે. જ્યારે એક આરોપી ફરાર છે.

પાકિસ્તાનની ISI દ્વારા આ આરોપીઓને પોલીસ કર્મીઓની હત્યા કરવાનું કામ સોંપાયું હોવાનું બોર્ડર રેન્જના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ સંદીપ ગોયલે જણાવ્યું. તેમણે કહ્યું ફરાર આરોપીની શોધખોળ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . .

## CULTURE MINISTRY-MOU

સંસ્કૃતિ મંત્રાલય અને ભારતીય ઉદ્યોગ સંઘે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સર્જનાત્મક અર્થતંત્ર સાથે સાંકળવા એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

સોશિયલ મીડિયા સંદેશમાં સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આ કરારને સંસ્કૃતિને આર્થિક સમૃદ્ધિનો પાયો બનાવવાની દિશામાં મહત્વનું પગલું ગણાવ્યું. તેમણે કહ્યું કે આનાથી દેશના કલાકારો અને કારીગરો માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. તેમજ આ કરાર સાંસ્કૃતિક ઉત્પાદનો અને સેવાઓ માટે વૈશ્વિક માન્યતા મેળવવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવશે, તેવો શ્રી શેખાવતે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .

## DELHI - DRUGS

દિલ્હી પોલીસના નાર્કોટિક્સ વિરોધી દળે 6 કરોડ રૂપિયાના કેફી પદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે યમુના પાર વિસ્તારમાંથી પકડાયેલા આ વ્યક્તિ પાસેથી એક કિલોથી વધુનો કેફી પદાર્થ કબજે કરાયો.

. . . . . . . . . . . . . . . . . .

## DGCA- NON SCHEDULED FLIGHTS

તાજેતરમાં વધતી વિમાન દુર્ઘટનાઓ વચ્ચે નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયે બિન-સૂચિત ચાર્ટર વિમાન સંચાલકો માટે કડક નવા સલામતી નિર્દેશોની જાહેરાત કરી છે. મહાનિદેશાલયે જણાવ્યું હતું કે, ચાર્ટર અને VIP પ્રતિબદ્ધતાઓ સહિત વાણિજ્યિક વિચારણાઓ કરતાં સલામતીને પ્રાથમિકતા આપવી જોઈએ, અને પુનઃપુષ્ટિ કરી હતી કે સલામતીના ધોરણે પાઇલટ-ઇન-કમાન્ડનો નિર્ણય અંતિમ રહેશે.

નવા પગલાં હેઠળ સંચાલકોએ વિમાનની ઉંમર, જાળવણી ઇતિહાસ અને પાઇલટનો અનુભવ જેવી મુખ્ય સલામતી વિગતો જાહેર કરવી આવશ્યક છે. DGCA સલામતી રેન્કિંગ રજૂ કરશે, કોકપિટ વૉઇસ રેકોર્ડર અને ડેટા ઓડિટને વધુ તીવ્ર બનાવશે અને પ્રણાલીગત ભૂલો માટે વરિષ્ઠ મેનેજમેન્ટને જવાબદાર ઠેરવશે.

. . . . . . . . . . . . . . . . . .

## IMRAN KHAN HEALTH-SC

પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ પાર્ટીએ સર્વોચ્ચ અદાલત સમક્ષ જેલમાં બંધ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાન માટે તાત્કાલિક તબીબી હસ્તક્ષેપ અને તેમની વ્યક્તિગત તબીબી ટીમને મળવાની મંજૂરી અપાય તેવી માગ કરી.

અરજીમાં 73 વર્ષના ઈમરાન ખાનની આંખની ગંભીર બીમારી અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમને તાત્કાલિક ઇસ્લામાબાદની હોસ્પિટલ ખસેડાય તેવી માગ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . .

## DELHI GOVERNMENT- AROGYA YOJANA

દિલ્હીમાં વિધવા પેન્શન લાભાર્થીઓ અને સરકારી પેન્શન મેળવતા દિવ્યાંગોને હવે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવાશે.

સરકારના આ નિર્ણય અંગે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, તેનાથી અંદાજે પાંચ લાખ 50 હજાર વધારાના પરિવારોને મજબૂત આરોગ્ય સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાશે.

. . . . . . . . . . . . . . . . . .

## PM AWARD- YOGA

આયુષ મંત્રાલયે યોગ 2026 માટે પ્રધાનમંત્રી પુરસ્કારો માટે અરજીઓ મંગાવી છે, જેનો હેતુ આ ક્ષેત્રમાં વ્યાપક ભાગીદારી, નવીનતા અને નેતૃત્વને પ્રેરણા આપવાનો છે.

આયુષ મંત્રાલયે માહિતી આપી કે આ પુરસ્કાર વ્યક્તિઓ અને સંસ્થાઓ એમ બે શ્રેણીઓમાં આપવામાં આવશે. દરેક પુરસ્કાર વિજેતાને ટ્રોફી, પ્રમાણપત્ર અને 25 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

મંત્રાલયે માહિતી આપી હતી કે આ પુરસ્કાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોગના વિકાસ અને પ્રસારમાં નોંધનીય યોગદાનને માન્યતા આપશે. તેમાં ઉમેર્યું હતું કે અરજીઓ ભરવાની છેલ્લી તારીખ આવતા મહિનાની 21મી માર્ચ છે. પાત્ર વ્યક્તિઓ અને સંસ્થાઓ રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા અરજી કરી શકે છે.

. . . . . . . . . . . . . . . . . .

## GUJARAT KUTCH PM SHRI SCHOOLS

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી પીએમ શ્રી – PM Schools for Rising India યોજના હેઠળ કચ્છમાં વધુ 18 નવી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે, જે આગામી શૈક્ષણિક સત્રથી કાર્યરત થશે અને મોડેલ સ્કૂલ તરીકે વિકસાવવામાં આવશે. હાલ કાર્યરત 16 શાળાઓને કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે, જ્યારે નવી શરૂ થનારી 18 શાળાઓને રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવશે. સરકારનો હેતુ દરેક તાલુકા દીઠ ઓછામાં ઓછી બે શાળાઓને પીએમ શ્રી તરીકે વિકસાવવાનો છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના અમલીકરણ અંતર્ગત આ શાળાઓને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ લાયબ્રેરી,

આધુનિક લેબ, રમતગમતની સુવિધા તેમજ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓથી સજ્જ કરવામાં આવી રહી છે. અહીં માત્ર વિદ્યાર્થીઓના માર્ક્સ પર નહીં, પરંતુ તેમના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવે છે.

વિદ્યાર્થીઓને નાનપણથી જ વ્યવસાયિક કૌશલ્યો, ટેક્નોલોજી આધારિત શિક્ષણ અને પ્રવૃત્તિ આધારિત અભ્યાસ દ્વારા સશક્ત બનાવવાની દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

## ICC-T20-CRICKET

ICC પુરુષ T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે, ગ્રુપ 2- સુપર 8 મેચમાં શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી છે.

શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

અમને મળેલા છેલ્લા અહેવાલ અનુસાર ન્યૂઝીલેન્ડે 7.1 ઓવરમાં 2 વિકેટે 53 રન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .